| કુલ ગુણ | 100 |
|---|---|

# સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા - 2024

## PART - 2 (FINE ARTS)

પરીક્ષાની તારીખ : ૦૮/૧૨/૨૦૨૪

પરીક્ષાનો સમય : સવારે ૧૫:૦૦ થી ૧૭:૦૦

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| કેટેગરી |
|---|
| A |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

**FINE ARTS PAPER-2**

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

| | પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં. |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ●ⒸⒹ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

રફ કામ માટેનું પેઈજ

(1) પાયાના તબક્કામાં ચિત્ર દોરવાની શરૂઆત શાનાથી કરી શકાય ?

(A) રંગથી (B) પેન્સિલથી

(C) પરીકરથી (D) ક્રેયોનથી

(2) ચિત્રકલાનું પ્રથમ સોપાન કોને કહી શકાય ?

(A) રેખાઓ (B) પેપર

(C) રંગો (D) કંપાસ બોક્ષ

(3) ચિત્રમાં ઘાટી છાયા કરવા માટે કયા પ્રકારની પેન્સિલ વાપરશો ?

(A) 2H (B) 4H

(C) 6B (D) HB

(4) કેલીગ્રાફી એટલે શું ?

(A) રંગો પુરવા (B) આકાર દોરવા

(C) કાગળ કામ (D) રેખાઓ દોરવી

(5) ગરમ રંગો કોને કહેવાય ?

(A) લાલ - કેસરી (B) જાંબલી - લીલો

(C) કાળો - સફેદ (D) વાદળી - ગુલાબી

(6) અશક્તિ કે માંદગી દર્શાવવા કયો રંગ વપરાય છે ?

(A) ગુલાબી (B) વાદળી

(C) આછો પીળો (D) લાલ

(7) શિલ્પના કેટલા પ્રકાર છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

(8) ભાતચિત્રનો મુખ્ય ઉદ્દેશ કયો છે ?

(A) ગોઠવણી (B) સુશોભન

(C) રંગપુરણી (D) કોતરણી

(9) સરકતા સાપના ચિત્રમાં કઈ રેખા જોવા મળશે ?

(A) ત્રાસી રેખા (B) ગુણક રેખા

(C) વમળ રેખા (D) આડી રેખા

(10) કોઈ પણ રંગમાં કયો રંગ ઉમેરવાથી તે રંગનો ટિન્ટ બનશે ?

(A) કાળો (B) સફેદ

(C) વાદળી (D) લીલો

(11) રંગ ચક્રમાં કોઈ એક રંગની આજુબાજુના રંગોને કયા રંગો કહે છે ?

(A) સજાતીય (B) ઠંડા રંગો

(C) વિજાતીય (D) ગરમ રંગો

(12) ક્ષિતિજ દર્શાવવા કઈ રેખાનો ઉપયોગ થાય છે ?

(A) તૂટક રેખા (B) આડી રેખા

(C) ત્રાંસી રેખા (D) ગુણક રેખા

(13) ચિત્રકલાના મૂળતત્ત્વોમાં નીચેનામાંથી કયું ન આવે ?

(A) રેખા (B) રંગ

(C) આકાર (D) બ્રશ

(14) ભારત સરકારે કઈ સાલમાં અજંતાની ગુફાઓને રાષ્ટ્રીય કલા સંપત્તિ જાહેર કરી ?

(A) ૨૦૦૦ (B) ૧૮૫૧

(C) ૧૯૫૧ (D) ૧૯૪૧

(15) પેપર પર આકાર દોરી તેમાં ગુંદરની મદદથી જુદા જુદા રંગના પેપરો ચોંટાડી તૈયાર થતા ચિત્રને શું કહેશો ?

(A) કોલાઝ (B) પ્રચાર ચિત્ર

(C) પદાર્થ ચિત્ર (D) કેલી ગ્રાફી

(16) 'ધરતીનો ચિત્કાર' તરીકે કયા કલાકાર જાણીતા છે ?

(A) શ્રી જસુભાઈ નાયક (B) શ્રી ખોડીદાસ પરમાર

(C) શ્રી રસિકલાલ પરીખ (D) શ્રી નટુભાઈ પરીખ

(17) કયા ચિત્રકાર કાર્ટુનિસ્ટ તરીકે જાણીતા છે ?

(A) શ્રી નટુભાઈ પરીખ (B) શ્રી સોમાલાલ શાહ

(C) શ્રી કનૈયાલાલ શાહ (D) શ્રી બંસીલાલ વર્મા

(18) કાંગડા શૈલીનો શ્રેષ્ઠ કલાકાર કોણ હતો ?

(A) મોલારામ (B) મન્સૂર

(C) જહાંગીર (D) શાહજહાં

(19) લોગો કે સિમ્બોલ બનાવવા માટે કયા સોફ્ટવેરનો ઉપયોગ વધુ થાય છે ?

(A) ફોટોશોપ (B) પેઈન્ટ

(C) પેઈજ મેકર (D) કોરલ ડ્રૂ

(20) 'ફેસ લેસ પેસિ'ની સીરીઝ કયા ચિત્રકારની છે ?

(A) શ્રી વૃંદાવન સોલંકી (B) શ્રી હકુભાઈ શાહ

(C) શ્રી રમેશભાઈ પંડ્યા (D) શ્રી સી. ડી. મિસ્ત્રી

(21) વનસ્પતિના પાનના અલંકારીક રેખાંકનનું વધુ વાર પુનરાંકન કરી દોરેલા ચિત્રને કયું ચિત્ર કહેવાય ?

(A) સ્મૃતિ ચિત્ર (B) અલંકૃત ભાતચિત્ર

(C) પદાર્થ ચિત્ર (D) કોલાઝ

(22) કયા ચિત્રને પ્રકૃતિચિત્ર કહેશો ?

(A) ડાળીનું ચિત્ર (B) પદાર્થોનું ચિત્ર

(C) ભાતચિત્ર (D) કોલાઝ

(23) માનવસર્જિત વસ્તુઓનું નિરીક્ષણ કરી બનાવવામાં આવતા ચિત્રને કયું ચિત્ર કહેશો ?

(A) છાપકામ (B) પ્રકૃતિચત્ર

(C) પદાર્થચિત્ર (D) પોસ્ટર

(24) બાળકો માટેની કાર્ટુન ફિલ્મ શાને આભારી છે ?

(A) કોરલ ડ્રો (B) પેઈન્ટ

(C) ફોટોશોપ (D) એનિમેશન

(25) બટાકા, ભીંડા કાપી તેના પર રંગ લગાડી કરાતા કાર્યને શું કહેશો ?

(A) સ્મૃતિચિત્ર (B) ચિત્ર સંયોજન

(C) છાપકામ (D) કોલાઝ

(26) ઈફેક્ટ અને ઇમેજ મિક્સિંગ માટે કયું સોફ્ટવેર વાપરશો ?

(A) ફોટોશોપ (B) પેઈન્ટ

(C) એનિમેશન (D) કોરલ ડ્રો

(27) નીચે આપેલામાંથી કયો રંગ તૃતીય શ્રેણીનો છે ?

(A) કેસરી રંગ (B) વાદળી રંગ

(C) ચટણી રંગ (D) લીલો રંગ

(28) કયા કલાકાર 'પોટ્રેટના રાજા' તરીકે જાણીતા બન્યા હતા ?

(A) શ્રી જશુભાઈ નાયક
(B) શ્રી ખોડીદાસ પરમાર
(C) શ્રી પ્રતાપસિંહ જાડેજા
(D) શ્રી રવિશંકર જાડેજા

(29) પાંદડાની નસો કે પીછું કયા પ્રકારના વિસ્તરણનું ઉદાહરણ છે ?

(A) બિંદુમાંથી
(B) ધરીમાંથી
(C) કેન્દ્રમાંથી
(D) પાયામાંથી

(30) કયું ચિત્ર - અજંતાની ગુફામાં જોવા મળશે ?

(A) ભયગ્રસ્ત હરણા
(B) કેશ ગુંથન
(C) ગ્રામ્ય કન્યા
(D) માર આક્રમણ

(31) 'ભાઈના ઘોડલા' ચિત્ર કયા કલાકારનું છે ?

(A) શ્રી રસિકલાલ પરીખ
(B) શ્રી સોમાલાલ શાહ
(C) શ્રી યજ્ઞેશ્વર શુક્લ
(D) શ્રી નટુભાઈ પરીખ

(32) તેજસ્વિતા અને પવિત્રતાનો ભાવ કયા રંગમાં જોવા મળે છે ?

(A) પીળો
(B) લાલ
(C) ગુલાબી
(D) કેસરી

(33) ભારતીય અને ઈરાની શૈલીના સમન્વયથી નવી કઈ શૈલી અસ્તિત્વમાં આવી ?

(A) રાજસ્થાન શૈલી
(B) મોગલ શૈલી
(C) કાંગડા શૈલી
(D) જૈન સૈલી

(34) શ્રી કનૈયાલાલ યાદવનું જાણીતું ચિત્ર કયું છે ?

(A) નાગદમન
(B) શ્રીકૃષ્ણલીલા
(C) બળદ વેચનાર
(D) શાકભાજી વેચનાર

(35) કયો રંગ વિશાળતાનું પ્રતીક છે ?

(A) વાદળી
(B) કેસરી
(C) લીલો
(D) ગુલાબી

(36) કયો રંગ ગરમ રંગ નથી ?

(A) લાલ
(B) કેસરી
(C) જાંબલી
(D) પીળો

(37) "કોલાઝ" કલા શું છે ?

(A) ચિત્રકળા જેમાં રંગોનો ઉપયોગ થાય છે.
(B) પેઇન્ટીંગ જેમાં ફક્ત કાગળનો ઉપયોગ થાય છે.
(C) નકામી વસ્તુઓને ચોંટાડી કલા સર્જવી
(D) શ્રેણીબધ્ધ પેઇન્ટીંગ

(38) પેન્સિલનાં B સીરિઝનાં નંબર જેમ જેમ વધે છે. તેમ તેમ કયા ગુણાત્મક ફેરફાર જોવા મળે છે.

(A) પેન્સિલનો રંગ હળવો થાય છે.
(B) પેન્સિલનો રંગ ગાઢ અને પોચો થાય છે.
(C) પેન્સિલનો પોઇન્ટ વધારે નમ્ર થાય છે.
(D) પેન્સિલનો પોઇન્ટ વધારે તીવ્ર થાય છે.

(39) કલામાં કયા તત્ત્વોની જાણકારી બાળકોની સર્જનશક્તિ અને કલ્પનાઓને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે.

(A) પૃષ્ઠભૂમિ અને રંગ
(B) રેખા, આકાર, રંગ, છાયા-પ્રકાશ
(C) માત્ર રંગ
(D) માત્ર રેખા આકાર

(40) ત્રિપાર્શ્વ (3D) આકાર માટે કયું ઉદાહરણ છે ?

(A) પેઇન્ટીંગ
(B) શિલ્પ
(C) ફોટોગ્રાફ
(D) લીનોકટ

(41) "કેન્દ્રથી વિસ્તરણ" શું દર્શાવે છે ?

(A) પાંદડાની નસ
(B) સૂર્યનાં કિરણો
(C) સમાનતા
(D) પક્ષીનું પીંછુ

(42) શિલ્પના કયા બે મુખ્ય પ્રકાર છે ?

(A) અંશમૂર્ત અને પૂર્ણમૂર્ત
(B) કુદરતી અને મનોહર
(C) ગોળ અને ચોરસ
(D) ટૂણક અને વિશાળ

(43) વડનગરનાં કીર્તિતોરણનું શિલ્પ કયા પથ્થરથી બનાવાયું છે ?

(A) બસાલ્ટ પથ્થર
(B) સ્તોનું પથ્થર
(C) રેતિયા પથ્થર
(D) ચાકલા પથ્થર

(44) "કોરલ ડ્રો" સોફ્ટવેર કઈ કલા માટે શ્રેષ્ઠ માધ્યમ છે ?

(A) પેઇન્ટીંગ
(B) 3D એનિમેશન
(C) લાઇન ડ્રોંઈંગ
(D) લાઇન ડ્રોંઇંગ

(45) શ્રી યજ્ઞેશ્વર શુક્લે કઈ શૈલીઓનો અભ્યાસ કર્યો હતો ?

(A) ભારતીય, ઇટાલિયન અને ચાઇનિઝ
(B) અંગ્રેજી, પોર્ટુગીઝ અને ભારતીય
(C) ચાઇનિઝ, જાપાનીઝ અને ભારતીય
(D) ફ્રેન્ચ, ગ્રીક અને ભારતીય

(46) શ્રી બંસીલાલ વર્મા (ચકોર) ને કઈ આંતરરાષ્ટ્રીય કાર્ટૂન મેળામાં સન્માન પ્રાપ્ત થયું ?

(A) લંડન, યુ.કે. (B) ન્યુયોર્ક, યુ.એસ.

(C) પેરિસ, ફ્રાન્સ, (D) મોન્ટ્રિયલ, કેનેડા

(47) ચિત્ર-સંયોજનનો મુખ્ય હેતુ કઈ શક્તિનો વિકાસ કરવાનો છે ?

(A) બૌધ્ધિક શક્તિ (B) કલ્પના શક્તિ

(C) લેખન શક્તિ (D) ભાષા શક્તિ

(48) જૈન શૈલીનાં ચિત્રો કયા રાજ્યમાં સૌથી વિશેષ રીતે જોવા મળે છે ?

(A) મહારાષ્ટ્ર (B) રાજસ્થાન

(C) ઉત્તર પ્રદેશ (D) ગુજરાત

(49) કાંગડા શૈલીમાં કયા પ્રકારની ભૂમિના દશ્યોનું આલેખન કરવામાં આવે છે ?

(A) કાશ્મીરની ડુંગરાળ ભૂમિ (B) રાજસ્થાનની ડુંગરાળ ભૂમિ

(C) ગુજરાતની ડુંગરાળ ભૂમિ (D) ઉત્તરાખંડની ડુંગરાળ ભૂમિ

(50) રાજસ્થાન શૈલીમાં મુખ્ય કયા વિષયો દર્શાવવામાં આવ્યા છે ?

(A) રાજા-મહારાજાના ચિત્ર, મુગલ કલા (B) રાધાકૃષ્ણ, રાસલીલા, લોકજીવન, કૃષ્ણભક્તિ

(C) પરંપરાગત શેરીચિત્ર, ભાતચિત્ર (D) સમકાલીન ચિત્રો અને ફોટોગ્રાફી

(51) ઈલોરાની ગુફાઓમાં "વિશ્વકર્માની ઝૂંપડી" ગુફામાં કયા પ્રકારનું મંદિર છે ?

(A) શિવલિંગ મંદિર (B) રાધાકૃષ્ણ મંદિર

(C) બૌધ્ધ મંદિર (D) ચૈત્ય મંદિર

(52) લંબાઈ, પહોળાઈ અને ઉંચાઈ જેવા પરિમાણો કઈ કલામાં મહત્ત્વના છે ?

(A) ફોટોગ્રાફી (B) શિલ્પકલા

(C) ચિત્રકલા (D) નૃત્યકલા

(53) હઠીસિંગના દેહરામાં કઈ કલાત્મક ગુણવત્તાઓ તેના શોભામાં વધારો કરે છે ?

(A) કોતરણીયુક્ત જાળીઓ અને ઝરૂખા (B) કલાત્મક ઘુમ્મરો, થાંભલા

(C) ભૌમિતીક આકારોવાળી ભાત (D) ગુટા મંડપ, લકુલીશ

(54) શ્રી કાન્તિભાઈ પટેલ "શ્રી તિલક વિદ્યાપીઠ"માં કયા વિષયમાં કલાશિક્ષણ મેળવ્યું હતું ?

(A) પેઈન્ટીંગ (B) શિલ્પકલા

(C) આર્કિટેક્ચર (D) નૃત્ય

(55) શ્રી દેવીપ્રસાદ રોય ચૌધરીની કલા શૈલીમાં કઈ બે પરંપરાઓનો સમન્વય જોવા મળે છે ?

(A) પૂર્વ - ઉત્તર કલા શૈલીઓ
(B) પૂર્વ અને પશ્ચિમ કલા શૈલીઓ
(C) પશ્ચિમ અને ઉત્તર કલા શૈલીઓ
(D) ઉત્તર અને દક્ષિણ કલા શૈલીઓ

(56) કુમારી અમૃતાના ચિત્રો કયા મ્યુઝિયમમાં સંગ્રહિત છે ?

(A) નેશનલ ગેલેરી ઑફ મોર્ડન આર્ટ નવી દિલ્હી
(B) નેશનલ ગેલેરી ઑફ મોર્ડન આર્ટ બેંગ્લોર
(C) નેશનલ ગેલેરી ઑફ મોર્ડન આર્ટ મુંબઈ
(D) આર્ટ ગેલેરી ઑફ અમદાવાદ

(57) "ટેક્ષટાઈલ ડિઝાઈન"નો અર્થ શું છે ?

(A) પેઈન્ટીંગ માટેની ડિઝાઈનનો અભ્યાસ
(B) સાત્વિક આલેખન અને રંગોની પસંદગી
(C) ફૂલો અને પાંખોની ચિત્રકલા
(D) કાપડ પર છાપવામાં આવતી ભાત

(58) ચિત્ર સંયોજનના વિષયનો આધાર શેના પર હોય છે ?

(A) ફક્ત માનવજીવન
(B) રોજબરોજના દશ્યો, માનવ જીવનના પ્રસંગો ઉત્સવો, વૃક્ષો, પ્રાણીઓ, પક્ષીઓ
(C) ફક્ત દશ્યકલા
(D) માત્ર પેઈન્ટીંગ

(59) "સીરીઝ"ની પેન્સિલનો ઉપયોગ મુખ્યત્વે કયા ક્ષેત્રમાં થાય છે ?

(A) કલા અને ચિત્રકલા
(B) વ્યાપારીક કાર્યો
(C) ઈજનેરી શાખા
(D) અભ્યાસ અને લેખન

(60) "ગતિ અને ઝડપ" દર્શાવતી રેખાનો પ્રકાર કયો છે ?

(A) ત્રાંસી રેખા
(B) આડી રેખા
(C) વમળ રેખા
(D) ગુલાબી રેખા

(61) ભાતચિત્રનાં સિદ્ધાંતોમાં કયું ના આવે ?

(A) પુનરાંકન
(B) વિસ્તરણ
(C) છાંયા - પ્રકાશ
(D) સમતોલ

(62) અડાલજની વાવનું બાંધકામ કોણે કરાવ્યું હતું ?

(A) શાહઆલમ
(B) રૂડાબાઈ
(C) સિધ્ધરાજ જયસિંહ
(D) રાજા મોહન

(63) એનિમેશનની ક્રમબધ્ધ છબીઓ શેના માટે ઉપયોગી છે ?

(A) વિડીયો ગેમ્સ
(B) કાર્ટુન ફિલ્મ
(C) ફોટોગ્રાફી
(D) ઓડીયો

(64) ભાતચિત્રના કેટલાં પ્રકારો છે ?

(A) બે
(B) ચાર
(C) ત્રણ
(D) પાંચ

(65) કેન્દ્રમાંથી વિસ્તરણનું ઉદાહરણ કયું છે ?

(A) સૂર્ય
(B) ફુવારો
(C) ટુથ બ્રશ
(D) પીંછું

(66) "ભાતચિત્ર"ના ત્રણ સિધ્ધાંતો શું છે ?

(A) ટિપ્પણી, સમાનતા, વિભાજન
(B) પુનરાવર્તન, વિસ્તરણ, સમતોલ
(C) દિશા, સમય, પદાર્થ
(D) સ્તર, રંગ, સુશોભન

(67) દોરેલા ખૂણાનું માપ જાણવા માટે કયા સાધનનો ઉપયોગ કરશો ?

(A) પરીકર
(B) કોણમાપક
(C) કાટકોણ ત્રિકોણ
(D) માપપટ્ટી

(68) શૌર્ય, સમર્પણ, બલિદાનના ભાવ કયા રંગમાં જોવા મળશે ?

(A) કેસરી
(B) કાળો
(C) જાંબલી
(D) લાલ

(69) સ્ટેનીસલ કઈ રીતે તૈયાર કરી શકાય ?

(A) આકૃતિ દોરી તેમાં રંગ પુરવા
(B) આકૃતિ દોરી તેમાં રેતી ચોંટાડવી
(C) આકૃતિ દોરી તેમાં પેપર ચોંટાડવા
(D) આકૃતિ દોરી તે ભાગ કાપવો

(70) બાળકો માટે કમ્પ્યુટરમાં ચિત્ર દોરવા માટે કયુ સોફ્ટવેર સરળ રહેશે ?

(A) પેઈન્ટ
(B) ફોટોશોપ
(C) કોરલ ડ્રો
(D) પેજ મેકર

(71) કોઈપણ જાહેરાત ડિઝાઈનના લે-આઉટમાં કયા અવયવનું ખૂબ વધારે મહત્ત્વ હોય છે ?

(A) સબ ઈલેસ્ટ્રેશન (B) કોપી મેટર

(C) હેડ લાઈન (D) એડ્રેસ લાઈન

(72) પીળા અને વાદળી રંગના મિશ્રણથી ક્યો રંગ બને છે ?

(A) લીલો (B) કેસરી

(C) જાંબલી (D) ગુલાબી

(73) કોઈપણ કંપની કે બ્રાન્ડની ઓળખ શેના દ્વારા થાય છે ?

(A) લોગો સિમ્બોલ (B) મેનેજર

(C) ગ્રાહક (D) ડિલર (વેપારી)

(74) કયા કયા રંગો ઠંડા રંગોની શ્રેણીમાં આવે છે ?

(A) લાલ - કેસરી (B) પીળો - જાંબલી

(C) વાદળી - લીલો (D) લાલ - પીળો

(75) કયા વિભાગમાં ગ્રાફીક ડિઝાઈનરનું ખુબજ મહત્ત્વ હોય છે ?

(A) મેડિકલ (B) એડ એજન્સી

(C) એજ્યુકેશન (D) IT

(76) નીચેનામાંથી કઈ ફાઇલ ઇમેજ ફોરમેટ નથી ?

(A) JPEG (B) TIFF

(C) WAV (D) PNG

(77) કયા લે-આઉટમાં કોઈ એક અવયવને બાકી બીજા બધા અવયવોના કુલ કરતા પ્રમાણમાં મોટું દર્શાવવામાં આવે છે ?

(A) સીમેટ્રીકલ (B) ડોમીનેટીવ

(C) સીમેટ્રીકલ (D) આઈસો લેટીવ

(78) નીચે આપેલામાંથી કયું એલીમેટ ડિઝાઈનનો ભાગ નથી ?

(A) લાઈન (B) સેપ

(C) ટેક્ષર (D) યુનિટી

(79) કોઈ પણ સારી જાહેરાત બનાવતી વખતે ડિઝાઈનરે કોને ધ્યાનમાં રાખી જાહેરાતની ડિઝાઈન બનાવી જોઈએ ?

(A) વેપારી (B) ઉદ્યોગપતિ

(C) ગ્રાહ (D) કંપની

(80) અમદાવાદમાં આવેલ કઈ સંસ્થા જાહેરાતને લગતો અભ્યાસ કરવા માટે આખા દેશમાં પ્રખ્યાત છે ?

(A) CEPT UNI (B) MICA

(C) NIFT (D) IIMA

(81) ગ્રાફીક ડિઝાઈન માટે સૌથી વધુ ઉપયોગમાં આવતું સોફ્ટવેર કયું છે ?

(A) એડોબ ઇલેસ્ટ્રેટર (B) એમ.એસ. ઓફીસ

(C) 3D મેક્ષ (D) એડોબ પ્રિમીયર

(82) ભારતમાં પ્રાગૈતિહાસિક રેખાંકનો ધરાવતું સ્થળ નીચેનામાંથી કયું છે ?

(A) અજંતા (B) એલિફન્ટા

(C) ઇલોરા (D) ભીમ બેટીકા

(83) આપણા ગુજરાતના કયા પ્રખ્યાત ચિત્રકારને "ગુજરાતના કલાગુરૂ"નું ઉપનામ આપવામાં આવ્યું છે ?

(A) રવિશંકર રાવળ (B) એન. એસ. બેન્દ્રે

(C) સોમાલાલ શાહ (D) પિરાજી સાગરા

(84) નીચેનામાંથી કઈ કૃતિ ઈજીપ્તની પ્રાચીન પ્રૉર્ટેઇટ કલાનો અદ્‌ભુત નમૂનો ગણાય છે ?

(A) પિરામીડો (B) રાણી નેફરતિતિ

(C) સ્ફીંક્સની કૃતિ (D) વિનસ

(85) નીચેના પૈકી વિશ્વની કઈ પ્રાચીન સંસ્કૃતિમાં સુંદર માનવ પ્રમાણ ધરાવતા આરસના શિલ્પો થયા ?

(A) ચીનની સંસ્કૃતિ (B) મેસોપોટેમિયન સંસ્કૃતિ

(C) ગ્રીસની સંસ્કૃતિ (D) સિંધુ ખીણની સંસ્કૃતિ

(86) ટેરાકોટા શામાંથી બને છે ?

(A) પ્લાસ્ટર ઓફ પેરીસ (B) સિમેન્ટ

(C) માટી (D) વ્હાઇટ ચોક

(87) માટીમાં પોટ્રેઇટ બનાવવા માટે પહેલા આર્મેચર (સ્કેલેટન) બનાવવું પડે તે માટે આર્મેચર મજબુત શેનું બનાવશો ?

(A) નેતર (B) રૂ

(C) લોખંડના સળીયા (D) સિમેન્ટ

(88) માટીના શિલ્પ પર મોલ્ડ લેવા માટે કયા મટીરીયલનો ઉપયોગ કરશો ?

(A) સિમેન્ટ (B) રેતી

(C) વ્હાઇટ ચોક (D) પ્લાસ્ટર ઓફ પેરિસ

(89) મેટલ કાસ્ટીંગનો મેટલનું સ્ટેચ્યુ બનાવવા બેઝીક મટીરીયલ કયું વપરાશે ?

(A) લાકડું (B) પ્લાટર

(C) સિમેન્ટ (D) વેક્સ

(90) બાઝ રીલીફની ઓળખ બતાવો ?

(A) હાઈ રીલીફ (B) રાઉન્ડ સ્કલ્પચર

(C) લો રીલીફ (D) સિક્કા ઉપરની ઉપસેલી આકૃતિ

(91) મેટલ બ્રોન્ઝ ધાતુ કોને કહેવાય અથવા તેનું બીજું નામ શું છે ?

(A) એલ્યુમિનિયમ (B) બ્રાસ

(C) કલાઈ (D) કાંસુ

(92) આ મંદિર દ્રવિડ શૈલીના સ્થાપત્યનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે ?

(A) મોઢેરા (B) મહાબલીપૂરમ્

(C) દેલવાડા (D) પાલીતાણા

(93) આપણા ગુજરાતનું મધ્યયુગનું કયું સ્થાપત્ય વર્લ્ડ હેરિટેઝમાં સ્થાન પામ્યું છે ?

(A) માઉન્ટ આબુના દેલવાડા (B) રાણકીવાવ

(C) ત્રણ દરવાજા (D) પાલીતાણા મંદિર

(94) એલીફન્ટાની ગુફા ક્યાં આવેલી છે ?

(A) રાજસ્થાન (B) ઓડીસા

(C) મહારાષ્ટ્ર (D) આંદ્ર પ્રદેશ

(95) યક્ષ - યક્ષિણીના અનેક શિલ્પો કયા સમયમાં બન્યા છે ?

(A) મૌર્ય સમય (B) ગુપ્ત સમય

(C) શૃંગ સમય (D) મધ્ય યુગ

(96) રાજસ્થાનમાં આવેલા નકશીકામ માટે જાણીતા દેલવાડાના દેરા ક્યાં આવેલા છે ?

(A) જયપુર (B) ઉદેપુર

(C) આબુ (D) કાંકરોલી

(97) 'નટરાજ'ની કાંસાની બનેલી મૂર્તિ કઈ સદીમાં બનેલી છે ?

(A) ૧૮ મી સદી (B) ૧૫ મી સદી

(C) ૧૦ મી સદી (D) ૨૦ મી સદી

(98) 'THE THINKER' નામનું શિલ્પ કોના હસ્તે આકાર પામ્યું છે ?

(A) જેકોમથિ (B) માઇકલ એન્જેલો

(C) રોડીન (રોદાં) (D) દોનાતેલો

(99) દુનિયામાં પ્રસિદ્ધ પામેલું 'ડેવિડ' નામનું શિલ્પ કોને બનાવેલું છે ?

(A) લિયોનાદો - દ - વિન્ચી (B) જેકોમથી

(C) માઇકલ એન્જેલો (D) સેલિની

(100) ગુજરાતમાં કોણ કલા ગુરુ તરીકે ઓળખાય છે ?

(A) સોમાલાલ શાહ (B) રસિકલાલ પરીખ

(C) રવિશંકર રાવલ (D) યજ્ઞેશ્વર શુક્લ

◆◆◆

રફ કામ માટેનું પેઈજ

PAPER-2

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.